તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-07-2024 સવારે : 7.45 થી 7.55

વાર : Sunday

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- ✓ છેલ્લા ત્રણ ચાર વર્ષમાં આઠ કરોડ નોકરીઓનું સર્જન થયુ હોવાનું જણાવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેરોજગારી અંગે અપપ્રચાર કરનારાઓને પ્રત્યુત્તર આપ્યો
- ✓ જમ્મુ કાશ્મિરના ઉપરાજ્યપાલને સનદી અધિકારી,પોલીસકર્મીઓ અને ન્યાય તંત્રના અધિકારીઓની બદલી કરવાની વધુ સત્તા આપવામા આવી
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ઇન્દોરથી મધ્યપ્રદેશના 55 જિલ્લાઓના પીએમ કોલેજ ઓફ એક્સેલન્સનો આરંભ કરાવશે
- ✓ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલવેનિયાના બટલરમાં થયેલા ગોળીબારમાં ઘાયલ થયા
- ✓ હરારે ખાતે આજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેની પાંચમી અને છેલ્લી ટી-20ની મેચ રમાશે.

..........................................................................

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PM - JOB CREATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેરોજગારી અંગે ખોટો પ્રચાર કરનારાઓને જડબાતોડ જવાબ આપતાં છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં આઠ કરોડ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. મુંબઈમાં ગઈકાલે ભારતીય રિઝર્વ બૅન્કના એક અહેવાલને ટાંકીને તેમણે કહ્યું કે, દેશમાં કૌશલ્ય વિકાસ અને રોજગારની જરૂર છે અને કેન્દ્ર સરકાર આ દિશામાં કામ કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, ખોટો પ્રચાર ફેલાવતી શક્તિઓ દેશના રોકાણ, માળખાકીય વિકાસ અને આર્થિક પ્રગતિના દુશ્મન છે.

શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન NDA સરકાર સ્થિરતા અને આર્થિક વૃદ્ધિને પ્રાથમિકતા આપી રહી છે અને રોકાણકારોએ NDA ના ત્રીજા કાર્યકાળને ઉત્સાહપૂર્વક આવકાર્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે મહારાષ્ટ્રમાં ઉદ્યોગ, કૃષિ અને નાણા ક્ષેત્ર વિકસી રહ્યું છે અને વિકસિત ભારતમાં મહારાષ્ટ્રે મહત્વની ભૂમિકા ભજવવાની છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમનો ઉદ્દેશ્ય મહારાષ્ટ્રને વિશ્વની આર્થિક રાજધાની બનાવવાનો છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં શરૂ થઈ રહેલી માળખાકીય યોજનાઓ ગતિશીલતા સુવિધાઓમાં સુધારો કરશે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે પાલઘરમાં દહાણુ ખાતે વાધવન પોર્ટને મંજૂરી આપી છે. જેના માટે 76 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને 10 લાખ લોકોને રોજગાર મળશે.

.........................................................................

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *MUMBAI-PM*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDA સરકારનું વિકાસ મોડલ સમાજના વંચિત અને ગરીબ વર્ગના સશક્તિકરણને પ્રાથમિકતા આપવાનું છે. ગઇકાલે મુંબઈમાં 29 હજાર 400 કરોડના ખર્ચે બનેલા વિવિધ રોડ અને રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રીએ સભાને સંબોધતા કહ્યું કે તેમની સરકાર એવા લોકોને પ્રાથમિકતા આપે છે જેમને ઘણા દાયકાઓથી અવગણવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટ્સમાં થાણે-બોરીવલી ટનલ, ગોરગાંવ-મુલુંડ લિંક રોડ, કલ્યાણ યાર્ડનો પુનઃવિકાસ અને તુર્ભે નવી મુંબઈ ખાતે ગતિશક્તિ મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ કહ્યું કે NDA સરકાર ગરીબો, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સમાજના અન્ય વંચિત વર્ગના સશક્તિકરણ માટે કામ કરી રહી છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે મુંબઈમાં શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને શહેરની માળખાકીય સુવિધામાં વધારો કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, સંત તુકારામ અને સંત ધ્યાનેશ્વર પાલખી માર્ગ ટૂંક સમયમાં પૂર્ણ થશે. તેમણે પંઢરપુરની મુલાકાત લેવા અને વિઠ્ઠલના આશીર્વાદ મેળવવા માટે વારકારીને શુભેચ્છા પણ પાઠવી હતી.

પ્રધાનમંત્રી મોદીએ મહારાષ્ટ્રમાં વિવિધ વિકાસ પરિયોજનાઓના પૂર્ણ થયેલા અને ચાલી રહેલા કામનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિપક્ષની નિંદા કરતા તેમણે કહ્યું કે, ખોટો પ્રચાર કરનારા લોકો દેશના દુશ્મન છે. દેશવાસીઓએ આવા લોકોને નકારી કાઢ્યા છે.

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પ્રધાનમંત્રી મોદીએ મહારાષ્ટ્ર સરકારની મુખ્યમંત્રી યુવા ઇન્ટર્નશિપ યોજના પણ શરૂ કરી. આ યોજનાનો ઉદ્દેશ્ય યુવાનો માટે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાનો છે. શ્રી મોદીએ લોકમાન્ય તિલક ટર્મિનસ ખાતે નવા પ્લેટફોર્મનું ઉદ્ઘાટન કર્યું. તેમણે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર દસ અને અગિયારનું વિસ્તરણ રાષ્ટ્રને સમર્પિત કર્યું.

આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ, મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર, કેન્દ્રીય મંત્રીઓ પીયૂષ ગોયલ અને રામદાસ આઠવલે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

........................................................................

## *PM – MEDIA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે મીડિયાએ સરકારની જન કલ્યાણ પહેલોને પ્રોત્સાહન આપવામાં મદદ કરવી જોઈએ.

ગઈકાલે મુંબઈમાં, ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી ટાવર્સના ઉદ્ઘાટન સમારોહમાં બોલતા તેમણે વધુમાં કહ્યું હતું કે પર્યાવરણ સંરક્ષણ માટેની 'એક પેડ મા કે નામ' પહેલની વિશ્વભરમાં પ્રશંસા થઈ છે અને મીડિયા તેને જન ચળવળ બનાવવામાં સહયોગી બની શકે છે.

શ્રી મોદીએ કહ્યું કે વિકસિત ભારત બનાવવાની આગામી 25 વર્ષની સફરમાં અખબારો અને સામયિકોની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે મીડિયા લોકોને તેમની શક્તિઓથી વાકેફ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે મીડિયા હાઉસોએ વિશ્વની અન્ય ભાષાઓમાં તેમના સંસ્કરણો રજૂ કરીને ભારતીય પરિપ્રેક્ષ્યને વૈશ્વિક સ્તરે લઈ જવું જોઈએ.

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ, મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની સહિત ઈન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી -INSના પ્રમુખ રાકેશ શર્મા પણ હાજર હતા.

બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ સ્થિત INS સચિવાલયમાં મધ્યમ અને મોટા પાયાના પ્રકાશન જૂથોને ઓફિસો ફાળવવામાં આવી છે.

.................................................................

# *J & K – LG*

કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલની સત્તામાં વધારો કર્યો છે. આ માટે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019માં સુધારા કરવામાં આવ્યા છે. જેનાથી અખિલ ભારતીય સેવાના અધિકારીઓ, પોલીસકર્મીઓની બદલી અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલા અધિકારીઓની નિમણૂકના મામલામાં ઉપરાજયપાલની સત્તામાં વધારો થયો છે.

સુધારેલા નિયમો અનુસાર, પોલીસ, જાહેર વ્યવસ્થા, અખિલ ભારતીય સેવાઓ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો સંબંધિત દરખાસ્તો હવે મુખ્ય સચિવ દ્વારા સીધા ઉપરાજ્યપાલને મોકલવામાં આવશે. અત્યાર સુધી આ દરખાસ્તોને રાજ્યના નાણા વિભાગની મંજૂરીની જરૂર હતી.

.................................................................

# *AMIT SHAH – COLLEGE*

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ઈન્દોરથી મધ્યપ્રદેશના 55 જિલ્લામાં પીએમ કોલેજ ઓફ એક્સેલન્સનું લોકાર્પણ કરશે. શ્રી શાહ એક પેડ મા કે નામ અભિયાનમાં પણ ભાગ લેશે.

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આકાશવાણી ભોપાલના સંવાદદાતા જણાવે છે કે, પીએમ કોલેજ ઓફ એક્સેલન્સ કાર્યક્રમ  અટલ બિહારી વાજપેયી સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઈન્દોરમાં યોજાશે. આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો.મોહન યાદવ પણ ભાગ લેશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમોમાં વિધાનસભા અધ્યક્ષ, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પર્યાવરણની સુરક્ષા માટે પ્રેરિત "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત આજે ઈન્દોર જિલ્લામાં એક દિવસમાં 11 લાખ રોપાઓ વાવવાનો વિશ્વ વિક્રમ સર્જાશે. શ્રી શાહ સીમા સુરક્ષા દળની રેવતી રેન્જમાં આ અભિયાનની શરૂઆત કરશે. તેઓ પીએમ કોલેજ ઓફ એક્સેલન્સના વિદ્યાર્થીઓ માટે બસ સેવાનો પણ શુભારંભ કરાવશે.

.................................................................

# *MID BREAK  NEWS  NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................................................................

# *TRUMP INJURED*

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલવેનિયાના બટલરમાં થયેલા ગોળીબારમાં ઘાયલ થયા છે.

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

તેમના દ્વારા યોજાયેલી એક રેલી દરમિયાન થયેલા ગોળીબારમાં એક બંદૂકધારી અને એક પ્રેક્ષકનું મોત થયું હતું. અન્ય એક દર્શકની હાલત ગંભીર છે. ગોળી વાગતાં જ  ટ્રમ્પ જમીન પર પડી ગયા અને સ્ટેજ પર ભાષણ દરમિયાન  તેમના ઉપર ગોળીબાર થયો હતો..

ગોળીબાર બાદ  સિક્રેટ સર્વિસ એજન્ટો દ્વારા હુમલાખોરોને  ઘેરી લેવામાં આવ્યા હતા. હુમલાખોરને  ઝડપી લેવામાં આવ્યો ત્યારે તેના ચહેરા પર લોહી હતું. સિક્રેટ સર્વિસે કહ્યું કે, ટ્રમ્પ સુરક્ષિત છે અને રક્ષણાત્મક પગલાં હેઠળ છે.

આ ગોળીબારની ઘટનાને  હત્યાના પ્રયાસ તરીકે તપાસવામાં આવી રહી છે. એક નિવેદનમાં, ટ્રમ્પે ગુપ્ત સેવા અને કાયદા અમલીકરણનો આભાર માન્યો છે. રાષ્ટ્રપતિ જો બાઇડેને ઘટનાની ટીકા કરી હતી.

.................................................................

## *AMARNATH YATRA- JAMMU*

શ્રી અમરનાથજીના દર્શન માટે જમ્મુના ભગવતીનગર બેઝ કેમ્પથી ચાર હજાર આઠસો 89 શ્રદ્ધાળુઓની વધુ 1 ટુકડી કાશ્મીર ખીણ તરફ રવાના થઇ છે. આ ટુકડીમાં ત્રણ હજાર છસો 72 પુરૂષો, એક હજાર 86 મહિલાઓ, 21 બાળકો, 88 સાધુઓ અને 22 સાધ્વીઓ છે.

જેમાંથી એક હજાર આઠસો 96 મુસાફરો બાલતાલ બેઝ કેમ્પ અને બે હજાર નવસો 93 મુસાફરો પહેલગામ જવા રવાના થયા હતા.

.................................................................

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *INDIA-ZIMBABWE-T20*

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે પાંચ મેચોની T20 મેચની શ્રેણીની અંતિમ મેચ આજે હરારેમાં  રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે સાડા ચાર વાગે શરૂ થશે. ભારતીય ટીમ આ સીરિઝમાં પહેલાથી જ 3-1થી આગળ છે.

દરમ્યાન ગઈકાલે ચોથી T20 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 10 વિકેટે પરાજય આપ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ઝિમ્બાબ્વેએ સાત વિકેટે 152 રન બનાવ્યા હતા. ભારતે આ લક્ષ્યાંક 16મી ઓવરમાં જ હાંસલ કરી લીધો હતો. યશસ્વી જયસ્વાલે 93 રન બનાવ્યા હતા અને તેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

..............................................................

# *WIMBALDON*

વિમ્બલ્ડન ટેનિસની  મેન્સ સિંગલની ફાઇનલ આજે વિશ્વના બીજા નંબરના  નોવાક જોકોવિચ અને ગત ચેમ્પિયન  કાર્લોસ અલ્કારાઝ વચ્ચે રમાશે.

વિમ્બલ્ડનની ફાઇનલમાં અલ્કારાઝનો આ બીજો મૂકાબલો છે. જ્યારે નોવાક જોકોવિચ સાત વખતનો ચેમ્પિયન છે. સર્બિયન ઓલ ટાઈમ ગ્રેટ જોકોવિચ રોજર ફેડરરના આઠ વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સ ટાઇટલના રેકોર્ડની બરોબરી કરવા મેદાનમાં ઉતરશે.

જ્યારે મિક્સ્ડ ડબલ્સની ફાઇનલમાં, સાતમી ક્રમાંકિત પોલિશ-તાઇવાનની જાન ઝિલિન્સ્કી અને હસિહ સુ-વેઇની જોડી આજે સાંજે મેક્સિકન જોડી સેન્ટિયાગો ગોન્ઝાલેઝ અને જિયુલિયાના ઓલ્મોસ સામે ટકરાશે.

તા. 13-07-2024

સમય : સવારે 7.45(નેશનલ)

અગાઉ, ચેક રિપબ્લિકની બાર્બોરા ક્રેજિકોવાએ ગઈકાલે સાંજે ઇટાલીની જાસ્મિન પાઓલિનીને 6-2, 2-6, 6-4થી હરાવીને તેનું પ્રથમ વિમ્બલ્ડન મહિલા સિંગલ્સ ટાઇટલ જીત્યું હતું.

..........................................................................

# *CHESS OLYMPIAD*

ડી. ગુકેશ અને આર. પ્રજ્ઞાનન્દ આગામી સપ્ટેમ્બરમાં હંગેરીના બુડાપેસ્ટમાં યોજાનારી ચેસ ઓલિમ્પિયાડમાં ભાગ લેશે. ગુકેશ માટે આ ઓલિમ્પિયાડ નવેમ્બરમાં યોજાનારી વિશ્વ ચેસ ચેમ્પિયનશિપની મહત્વની તૈયારીરૂપે મહત્વનો ભાગ ભજવશે. જેમાં તેનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન ચીનના ડીંગ લિરેન સામે થશે.

AICFના પ્રમુખ નીતિન નારંગે જણાવ્યું હતું કે ટીમમાં અર્જુન એરિગૈસી, વિદિત ગુજરાતી અને હરિકૃષ્ણ પેંટાલાનો પણ સમાવેશ થાય છે. હરિકા દ્રોણાવલ્લી, વૈશાલી રમેશબાબુ, દિવ્યા  દેશમુખ, વંતિકા અગ્રવાલ અને તાનિયા સચદેવને મહિલા ટીમમાં સ્થાન મળ્યું છે. ભારતે 2022માં પ્રથમ વખત ઓલિમ્પિયાડની ગત આવૃત્તિનું આયોજન કર્યું હતું, જ્યાં ભારતે ઓપન અને મહિલા બંને કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

..........................................................................